| | |
|---|---|
| આંક | :૨૫/બી |
| દાખલ તારીખ | :૧૧–૧૦–૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | :૧૧–૧૦–૨૦૨૨ |
| નિકાલ તારીખ | :૦૬–૦૨–૨૦૨૪ |
| સમયગાળો | :<u>વર્ષ માસ દિવસ</u> |
| કુલ્લે | :૦૧ ૦૩ ૨૬ |

**ભચાઉની મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, મુ.ભચાઉ–કચ્છ.**

**ફોજદારી કેસ નંબર–૧૦૨૮/૨૦૨૨.**

**શ્રી સરકાર** ... ... ... **ફરીયાદી**

**વિરૂધ્ધ**

**કૃપેશભાઈ ચંદ્રકાંત સાધુ**
ઉ.વ.૨૧,વ્યવસાય–વેપાર
રહે.મુળ ગામ–લુણવા તા.પાલનપુર,
જી.બનાસકાંઠા
હાલે રહે.જંગી રોડ,સામખીયારી,
તા.ભચાઉ–કચ્છ. ........... **આરોપી**

**ગુન્હો:–આઈ.પી.સી.ની કલમ–૩૮૦,૪૨૭,૫૧૧ મુજબ.**

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.**શ્રી બી.એસ.વીઠૃલાણી**
આરોપી તરફે વિ.વ.**શ્રી એમ.એ.બાયડ**

**–:: ઠરાવ ::–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તા.૬/૯/૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ થી તા.૭/૯/૨૦૨૨ ના કલાક ૨:૫૦ દરમ્યાન કોઈપણ સમયે ભચાઉ તાલુકાના સામખીયારી ગામે આ કામના આરોપીએ ફરીયાદીના એ.જી.એસ. કંપનીની આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કના એ.ટી.એમ.આઈ ડી(S1CWP548) માં પ્રવેશી ચોરી કરવાની કોશીષ કરી એ.ટી.એમ.ના કેશકટર તથા સી.સી.ટી.વી.કેમેરા અને મુખ્ય દરવાજાના કાચમાં નુકશાન કરી,આરોપીએ ઈ.પી.કો.ની કલમ–૩૮૦,૪૨૭,૫૧૧

મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ. જે અંગેની ફરીયાદીએ સામખીયારી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ.

(૨) ફરીયાદીની ઉપરોકત ફરીયાદ સામખીયારી પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર–૧૧૯૯૩૦૦૧૨૨૦૨૮૦/૨૦૨૨ થી નોંધીને ગુનાની તપાસમાં તપાસનીશ અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તથા પંચો રૂબરૂ જરૂરી પંચનામા કરેલ અને જરુરી દસ્તાવેજો કબ્જે કરેલ અને તેઓની તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા જણાતાં અત્રેની અદાલતમાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરેલ.જે ફોજદારી કેસ નં–૧૦૨૮/૨૦૨૨ થી નોંધાયેલ છે.

(૩) આ કામે મુદ્દત તારીખે આરોપીને અત્રેની કોર્ટમાં હાજર રખાવી, આરોપીને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. ત્યારબાદ આ કામે આરોપી સામે આંક–૨૪ થી તહોમતનામુ ફરમાવી અને આરોપી સામેના ગુના સબબ આંક–૫ થી પ્રાથમિક નિવેદન રેકર્ડ કરેલ છે,જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપવાળા ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | પંચ–કાળુસિંહ ભવાનીસિંહ રાજપુતની જુબાની | ૬ |
| ૨. | સ્થાનિક જગ્યાના પંચનામાની ખરીનકલ | ૭ |
| ૩. | પંચ–ભરત ખોડાભાઈ કોલીની જુબાની | ૮ |
| ૪. | રીકવરી પંચનામાની ખરીનકલ | ૯ |

| | | |
|---|---|---|
| ૫. | પંચ–ઓમપ્રકાશ બંસીલાલ વૈશ્ણવની જુબાની | ૯(એ) |
| ૬. | પંચ–હસમુખભાઈ પ્રવિણભાઈ ઠક્કરની જુબાની | ૧૦ |
| ૭. | સાહેદ–વીશનજી ગંગારામભાઈ મઢવીની જુબાની | ૧૩ |
| ૮. | સાહેદ–હીતેષભાઈ કેશવલાલ કુંવારીયાની જુબાની | ૧૪ |
| ૯. | પો.સાહેદ–નરેશભાઈ ગોવિંદભાઈ રાઠવાની જુબાની | ૧૬ |
| ૧૦. | ફરીયાદી–રાજેશભાઈ પાંચાભાઈ ખુંગલાની જુબાની | ૧૭ |
| ૧૧. | અસલ ફરીયાદ | ૧૮ |
| ૧૨. | પો.સાહેદ–ભવાનભાઈ મેમાભાઈ ચૌધરીની જુબાની | ૧૯ |
| ૧૩. | પો.સાહેદ–નરેન્દ્રકુમાર કેશરભાઈ ચૌધરીની જુબાની | ૨૦ |
| ૧૪. | ત.ક.અ.સાહેદ–લક્ષ્મણસિંહ બનેસિંહ જાડેજાની જુબાની | ૨૨ |
| ૧૫. | સી.આર.પી.સી. કલમ–૧૫૪ ફોર્મ | ૨૩ |

આ સિવાય ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઈ સાક્ષી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામા આવેલ.

(૫) આ કામે ફરીયાદપક્ષનો રજુ પુરાવો ઘ્યાને લઈને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરીને તેઓના બચાવમાં કાંઈ કહેવા માંગતા નથી, કે તેઓ તેમના બચાવમાં કોઈ સાહેદ તપાસવા માંગતા નથી અને વિશેષ કાંઈ કહેવું છે તે પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ જેથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે. આમ આરોપી પોતાના બચાવમાં કોઈ સાહેદ તપાસવા માંગતા ન હોઈ, કે પોતાના બચાવમાં કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ, સદર કેસ દલીલ પર રાખવામા આવેલ.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ તેમની મહત્વની દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષે આપેલો પુરાવો તથા વધારાના જવાબમાં આરોપી વિરૂધ્ધની ફરીયાદપક્ષની રજુઆત તે જ તેમની દલીલ છે. ફરીયાદી અને સાહેદોએ જુબાનીમાં બનાવને મળતું અનુમોદન આપેલ છે અને પંચોએ પંચનામામાં સહી ઓળખી બતાવેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી અને તપાસ કરનાર અમલદારે પુરતા પુરાવા આધારે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે અને તપાસની કામગીરી મુજબનો પુરાવો ત.ક.અમલદારે આપેલ છે.આમ, ફરીયાદપક્ષે તેના પુરાવાથી કેસ પુરવાર કરેલ હોય, આરોપીએ ઈ.પી.કોડની કલમ–૩૮૦,૪૨૭,૫૧૧ મુજબનો ગુનો કરેલ હોય, તેની જોગવાઈ પ્રમાણે સજા કરવા વિનંતી કરેલ છે.

આ કામે આરોપી તરફે વિ.વકીલશ્રીઓએ તેઓની દલીલમાં તેમણે ફરીયાદપક્ષના ફરીયાદી અને સાહેદોની ઉલટ તપાસમાં લીધેલ બચાવ પ્રમાણેની દલીલો કરેલ છે. વધુમા આ કામે દલીલ કરતા જણાવેલ છે કે, આ તપાસેલા પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ પંચનામાને સમર્થન આપેલ નથી જયારે આ કામે તપાસેલા પોલીસ સાહેદોએ ફરજની રૂએ કરેલ કામગીરી મુજબનો પુરાવો રજુ કરેલ છે. જયારે આ કામે ફરીયાદી અને અન્ય સાહેદોની જુબાનીમાં ઉલટતપાસમાં બહાર આવેલી હકીકતોથી આરોપી વિરુધ્ધની હકીકતો પુરવાર થતી નથી. ફરીયાદપક્ષ તેમનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, આરોપીને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે. આ કામે આરોપી તરફે આધારલીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમા આરોપી જીઆરડી તરીકે નોકરી કરતા હતા અને પોલીસ ધ્વારા જી.આર.ડી. તરીકે ચાર્જ સોપેલ તે અંગેના ફોટોગ્રાફ રજુ રાખેલ છે.

(૭) હાલના કેસના ન્યાયિક નીકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાયછે.

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૬/૯/૨૦૨૨ ના કલાક ૨૩:૦૦ થી તા.૭/૯/૨૦૨૨ ના કલાક ૨:૫૦ દરમ્યાન કોઈપણ સમયે ભચાઉ તાલુકાના સામખીયારી ગામે આ કામના આરોપીએ ફરીયાદીના એ.જી.એસ. કંપનીની આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કના એ.ટી.એમ.આઈ ડી(S1CWP548) માં પ્રવેશી ચોરી કરવાની કોશીષ કરી એ.ટી.એમ.ના કેશકટર તથા સી.સી.ટી.વી.કેમેરા અને મુખ્ય દરવાજાના કાચમાં નુકશાન કરી,આરોપીએ ઈ.પી.કો.ની કલમ-૩૮૦,૪૨૭,૫૧૧ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલછે?

:૨: શું હુકમ?

(૮) ઉપરોકત મુદાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં,

:૨: આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**(૯) મુદા નંબર-૧ તથા ૨.:-**આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુન્હામાં આરોપી વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરીયાદપક્ષ પર રહેલો છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોઈએ તો, આ કામે આંક-૬ થી પંચ કાળુસિંહ ભવાનીસિંહ રાજપુતને સોગંદ પર તપાસવામા આવેલ છે. સદરહુ સાહેદે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ સ્થાનિક જગ્યાના પંચનામાની ખરીનકલ બતાવવામા આવે છે જે તેઓ ઓળખે છે જે આંક-૭ થી રજુ છે..

આશરે ત્રણ મહીના પહેલા તેઓ તેમની દુકાનમાં હતા ત્યારે આ એટીએમ ચોરીનું પંચનામુંમ કરવા આવેલા. તેઓની દુકાનની બાજુમાં એટીએમ મશીન આવેલુ હતુ ત્યાં તેની ચોરીનો પ્રયાસ થયેલો. તેઓની દુકાન બંધ હતી. સવારે પોલીસ સહી કરવા આવેલા ત્યારે તેઓની ખબર પડેલી. શું નુકશાન થયેલુ તેની તેઓને ખબર નથી. ચોરીનો પ્રયાસ કોણે કરેલો તે તેઓને ખબર નથી. આ એટીએમ તેઓની દુકાનથી એક દુકાન મુકીને આવેલું છે જે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકનું છે. એટીએમની આજુબાજુ હોટલ અને સ્ટેટ બેંક છે. આ જગ્યા તેઓને કોઈએ બતાવેલી એવું બનેલુ નથી.

સદરહુ પંચે પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, આ પંચને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં માત્ર એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, રાજેશ પાંચાભાઈ હાજર રહી આગળ ચાલી બનાવવાળી જગ્યા બતાવેલ. હવે કહે છે કે તેની તેઓને ખબર નહી પડે.

સદરહુ પંચે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પંચનામામાં તેઓએ સહી કરેલી એ સિવાય બીજું કાંઈ જાણતા નથી,પોલીસે માત્ર તેઓનું નામઠામ પુછેલુ અને સહી કરવાનું કહેતા તેઓએ તૈયાર કાગળમાં સહી કરી આપેલ, તેઓએ પોલીસને કોઈ પંચનામું લખાવેલ હોઈ અને પોલીસે તેઓના કહયા પ્રમાણે લખેલ હોઈ અને તેઓની રુબરુમાં પોલીસને તે પંચનામામાં સહી કરેલ હોય તેવું બનેલ નથી, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સવારે ૯ થી ૧૦ વાગ્યાના સમયે સહી લીધેલી, તેઓની હાજરીમાં તેઓ સિવાય બીજા કોઈએ સહી કરેલ નથી.

**(૧૧)** સદરહુ આંક–૭ વાળા સ્થાનિક જગ્યાના પંચનામાના બીજા પંચ–હસમુખભાઈ પ્રવિણભાઈ ઠકકરને આંક–૧૦ થી સોગંદ પર તપાસવામા આવેલા છે જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેઓને પંચમાં રહેવા પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. પંચનામું શી બાબતનુ હતુ તેની તેઓને ખબર નથી.

પોલીસે તેઓને સમજ આપેલી કે, તમારી દુકાનથી થોડેક નજીક એટીએમ તુટેલુ છે તેના કેસમાં સહી કરો તેમ કહેતા તેઓએ લખેલા કાગળમાં સહી કરી આપેલી તે સિવાય બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી. તેઓએ બનાવવાળી જગ્યા જોયેલ ન હતી. તેઓને આંક–૭ વાળુ પંચનામું બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે તે સિવાય બીજું કાઈ જાણતા નથી.

સદરહુ પંચે પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, આ પંચને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ પંચનામાને સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

સદરહુ પંચે બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેઓનુ બાજુમા આવેલ એટીએમ તુટેલુ છે ? તેવુ તેઓને પુછેલુ તો તેઓએ હા પાડેલી, તે સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી.

આમ, આ કામે આંક–૬ અને આંક–૧૦ થી રજુ પંચોના પુરાવાનું મુલ્યાંકન કરતા સદરહુ પંચોએ બનાવવાળી જગ્યાએ જઈ પંચનામું લખાવેલ હોય અને પોલીસે તે પંચોના લખાવ્યા મુજબ પંચનામુ લખેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી જે સંજોગોમાં પંચોના પુરાવાથી પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી.

**(૧૨)** આ કામે આંક–૮ થી પંચ ભરત ખોડાભાઈ કોલીને સોગંદ પર તપાસવામા આવેલ છે. સદરહુ સાહેદે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે બે અઢી મહીના પહેલા સામખીયારી પો.સ્ટે.માં તેઓને પંચ તરીકે બોલાવેલા. ત્યાં એટીએમ તોડયુ એનું પંચનામું કરવા માટે બોલાવેલ. તેઓને પંચનામાની ખરીનકલ બતાવવામા આવે છે જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે જે આંક–૯ થી રજુ છે. આ એટીએમ એસ.બી.આઈ. બેંક તથા રેલ્વે સ્ટેશનની બાજુમાં છે. તેઓ સવારમાં તેઓની ઓફીસે ગયેલા ત્યારે તેઓને વાત મળી કે કોઈ ભાઈએ એટીએમ તોડેલુ પછી

તેઓને પોલીસ સ્ટેશન બોલાવેલા અને તેઓએ સહી કરેલી. કેટલું નુકશાન થયેલુ તે તેઓએ સરખી રીતે જોયેલુ નહી તથા ખબર નથી. પોલીસે તેઓની હાજરીમાં કોઈ એટીએમ તોડનારને અટક કરેલ હોય કે કોઈ મુદ્દામાલ હથીયાર રીકવર કરેલ હોય તેવું બનેલ નહી. કોઈ વાહન કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

સદરહુ પંચે પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, આ પંચને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ પંચનામાને સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

સદરહુ પંચે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પંચનામામાં તેઓએ સહી કરેલી એ સિવાય બીજું કાંઈ જાણતા નથી, પોલીસે તેઓનું માત્ર નામ ઠામ પુછેલુ અને સહી કરવાનું કહેતા તેઓએ તૈયાર કાગળમાં સહી કરી આપેલ, તેઓએ પોલીસને કોઈ પંચનામું લખાવેલ હોઈ અને પોલીસે તેઓના કહયા પ્રમાણે લખેલ હોઈ અને તેઓની રુબરુમાં પોલીસને તે પંચનામામાં સહી કરેલ હોય તેવું બનેલ નથી,પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી, તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ પકડેલ હોઈ કે આરોપીને અટક કરેલ હોય તેવું બનેલ નથી.

(૧૩) સદરહુ આંક–૯ વાળા રીકવરી પંચનામાના બીજા પંચ–ઓમપ્રકાશ બંસીલાલ વૈષ્ણવને આંક–૯(એ) થી સોગંદ પર તપાસવામા આવેલા છે જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને આંક–૯ વાળા પંચનામાની ખરીનકલ બતાવવામા આવે છે જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. આ પંચનામા વિશે તેઓ કાંઈ જાણતા નથી. તેઓની હાજરીમાં કોઈ ઈસમ પાસેથી કોઈ હથીયારો કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

સદરહુ પંચે પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, આ પંચને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં

પણ પંચનામાને સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

સદરહુ પંચે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પંચનામામાં તેઓએ સહી કરેલી એ સિવાય બીજું કાંઈ જાણતા નથી, પોલીસે તેઓનું માત્ર નામ ઠામ પુછેલુ અને સહી કરવાનું કહેતા તેઓએ તૈયાર કાગળમાં સહી કરી આપેલ, તેઓએ પોલીસને કોઈ પંચનામું લખાવેલ હોઈ અને પોલીસે તેઓના કહયા પ્રમાણે લખેલ હોઈ અને તેઓની રુબરુમાં પોલીસને તે પંચનામામાં સહી કરેલ હોય તેવું બનેલ નથી,પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી, તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ પકડેલ હોઈ કે આરોપીને અટક કરેલ હોય તેવું બનેલ નથી.

આમ, આ કામે આંક–૮ અને આંક–૯(એ) થી રજુ પંચોના પુરાવાનું મુલ્યાંકન કરતા સદરહુ પંચોએ પંચનામું લખાવેલ હોય અને પોલીસે તે પંચોના લખાવ્યા મુજબ પંચનામુ લખેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી જે સંજોગોમાં પંચોના પુરાવાથી પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી.

**(૧૪)** આ કામે આંક–૧૩ થી સાહેદ વિશનજી ગંગારામભાઈ મઢવીને સોગંદ પર તપાસવામા આવેલ છે જેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સુમંગલ ગ્લાસ નામની ફેકટરીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. હાલનો બનાવની ચોકકસ તારીખ તેઓને હાલે યાદ નથી. બનાવને આશરે બે ત્રણ મહીના થઈ ગયેલા હશે. બનાવના દિવસે તેઓ રાત્રે ઘરે સુતા હતા તે રાત્રે હિતેશભાઈ ગાર્ડ જેઓ જીઆરડીમા છે તેઓએ રાત્રે તેઓને ફોન કરેલો કે આપડુ આઈ.સી.આઈ.સી.આઈ.નું એટીએમ છે તે રાત્રે શટર બંધ હતુ અને તેમાંથી એક ભાઈને અમોએ પકડયો છે અને પોલીસને સોપી દીધેલ છે અને હિતેષભાઈનો ફોન કયા નંબર પરથી આવેલો તે તેઓને હાલે યાદ નથી. આ બનાવ તેઓના પ્રિમાઈસીસમાં બનેલો હોય તેમજ બનાવવાળી જગ્યા એટીએમ જે તેઓનું માલિકીનું હોય જે તેઓએ એ.જી.એસ.કું.ને ભાડે આપેલુ જેથી

જે એ.જી.એસ. કંપનીના સંચાલક રાજેશભાઈ ખુંગલાને તેઓએ બનાવની જાણ કરેલી. તેઓએ એટીએમમાં આરોપીને અંદર જતા કે બહાર નીકળતા નજરે જોયેલ નથી. તેઓને હિતેષભાઈનો ફોન આવેલો તેથી તેઓને જાણ થયેલી તેથી તેઓએ બનાવની જાણ એટીએમ મેનેજરને કરેલી. આ બનાવની ફરીયાદ કોણે કરેલી તેની તેઓને ખબર નથી. આ સિવાય તેઓ બીજું કશુ જાણતા નથી .

સદરહુ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓને હિતેષભાઈનો ફોન આવેલો જેથી તેઓને બનાવની જાણ થયેલી, બનાવ તેઓની નજર સામે બનેલ નથી કે બનાવ બનતા તેઓએ નજરે જોયેલ નથી. આ સિવાય આરોપીને મદદરૂપ થાય તેવી અન્ય કોઈ સમર્થનકારી હકીકત જણાવેલ છે.આમ આ કામના સાહેદએ આરોપીને ચોરી કરતા જોયેલ હોય કે કોઈ નુકશાન કરતા જોયેલ હોય કે ચોરીનો મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરેલ હોય તેવી હકીકત જણાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ સાહેદની જુબાનીથી આરોપી વિરુધ્ધની હકીકત રેકર્ડ પર રજુ થતી નથી.

(૧૫) આ કામે આંક-૧૪ થી સાહેદ હિતેષભાઈ કેશવલાલ કુવારીયાને સોગંદ પર તપાસવામા આવેલ છે જેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,સામખીયારી ખાતે આવેલ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં તેઓ જીઆરડી સભ્ય તરીકે પેટ્રોલીંગ કરવાનું હોય છે. બનાવ રાત્રીના સમયે બનેલો. બનાવની તારીખ તેઓને ખબર નથી પણ બનાવ આજથી આશરે ત્રણ થી ચાર મહીના અગાઉ બનેલો. બનાવના દિવસે રાત્રીના સમયે કલાક ૧૨:૦૦ થી એક દોઢ વાગ્યે બનાવ બનેલો. બનાવ સમયે તેઓ તેમની મોટરસાઈકલ લઈને બનાવના સ્થળે પેટ્રોલીંગમા નીકળેલા ત્યારે બનાવના સમયે રેલ્વે સ્ટેશનપાસે આવેલું આઈસીઆઈસીઆઈ બેન્કનું એટીએમ છે અને તેની બાજુમાં એસ.બી.આઈ.બેંક અને તેનું એટીએમ આવેલું છે આ એટીએમનુ શટર બંધ હતુ જેથી તેઓને શંકા ગયેલી જેથી તેઓએ પોલીસને જાણ કરેલી તે વખતે પોલીસ આવી

ગયેલી અને પોલીસે શટર ખોલેલુ તેથી એટીએમ શટરની અંદરથી હાલનો આરોપી નીકળેલો જે આરોપી હાલ કોર્ટમાં હાજર છે તે જ શટરમાંથી નીકળેલો તે વખતે પોલીસ આવી આરોપીને લઈ ગયેલી અને તેઓએ એટીએમવાળી જગ્યાના માલિક વિશનજી ગંગારામ મઢવીને ફોન કરીને જાણ કરેલી, આરોપીનુ નામ કૃપેશ છે તે કયાંનો છે તેની તેઓને ખબર નથી. તેઓએ વિશનજી ગંગારામના ફોન નંબર તેઓને હાલ યાદ નથી પરંતુ તેઓએ તેમના મોબાઈલમાં તેના ફોન સેવ છે તેઓના મોબાઈલ નં.૯૯૨૫૮૫૦૩૧૯ છે. એટીએમ તોડયાની ફરીયાદ કોણે કરેલી તેની તેઓ ખબર નથી. તેઓની નોકરી સવારે ચાર વાગ્યે પુરી થતા તેઓ તેમના ઘરે જતા રહેલા. પોલીસે તેઓની પુછપરછ કરેલી.

સદરહુ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓની ડયુડીનો સમય રાત્રીના અગીયારથી પાંચનો હોય છે, બનાવના દિવસે તેઓ સવારના પાંચ વાગ્યા પછી તેઓના ઘરે ગયેલા, બનાવના દિવસે એટીએમનું શટર બંધ હતુ જે શટર તેઓએ ખોલીને જોયેલુ નહી, આરોપી પાસે કોઈ હથીયારો નીકળ્યા હોય તેવું તેઓએ જોયેલ નહી, તેઓને એ વાતની ખબર નથી કે એટીએમમાંથી કોઈ ચોરી કે લુટ થયેલી કે કેમ ? આરોપીની તેઓની રુબરુ મામલતદારની સામે કોઈ ઓળખપરેડ કરાવેલ નથી કે તેઓની રુબરુ કોઈ આરોપીની ઓળખનો કોઈ આધાર પોલીસે કબજે કરેલ નથી.આ સિવાય આરોપીને મદદરૂપ થાય તેવી અન્ય કોઈ સમર્થનકારી હકીકત જણાવેલ છે.આમ આ કામના સાહેદએ પણ આરોપીને ચોરી કરતા જોયેલ હોય કે કોઈ નુકશાન કરતા જોયેલ હોય કે ચોરીનો મુદ્દામાલ કે કોઈ હથીયાર આરોપી પાસેથી નીકળેલ હોય તે જોયેલ હોય કે આરોપી પાસેથી કબજે કરેલ હોય તેવી હકીકત જણાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી.વધુમા આ કામે સાહેદ રુબરુ આરોપીની ઓળખપરેડ કરાવેલ હોય તેવી હકીકત રેકર્ડ પર નથી.આમ સાહેદની જુબાનીથી આરોપી વિરુધ્ધની હકીકત રેકર્ડ પર રજુ થતી નથી.

(૧૬) આ કામે આંક–૧૬ થી પોલીસ સાહેદ નરેશભાઈ ગોવિંદભાઈ રાઠવાને સોગંદ પર તપાસવામા આવેલ છે જેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૬/૯/૨૦૨૨ ના રોજ સામખીયારી પો.સ્ટે.માં કલાક ૨૩:૦૦ થી તા.૮/૯/૨૦૨૨ ના કલાક ૫:૦૦ સુધી નાઈટ રાઉન્ડમા સામખીયારી ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે વખતે તેઓ સરકારી બોલેરો વાહનમાં પેટ્રોલીંગમા હતા તે વખતે તેઓની સાથે ડ્રાઈવર રમેશભાઈ,હે.કો. ભવાનભાઈ એટલા લોકો નાઈટ રાઉન્ડમા પેટ્રોલીંગમા હતા તે વખતે પી.એસ.ઓ.ભવાનભાઈને ફોન આવેલો કે, રેલ્વે સ્ટેશન પાસે આવેલ આઈસીઆઈસીઆઈ બેન્ક એટીએમમાં કોઈ વ્યકિત તોડફોડ કરતો હોય તેવો અવાજ આવેલો ત્યારે તેઓ ત્યાં પહોંચી ગયેલા અને ત્યારે ત્યાં એટીએમ પાસે જીઆરડી હીતેષભાઈ આરોપી કૃપેશને લઈને ઉભા હતા. આરોપીના હાથમાં એક કપડાની થેલી હતી. આ થેલમાં એક પકડ, એક ડીસમીસ, એક હથોડી અને એક ટામી હતી એન ત્યાંથી તેઓ આરોપીને લઈને પોલીસ સ્ટેશન ગયેલા. આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ તે જ છે જે તેઓ ઓળખે છે. આરોપી કૃપેશ આજરોજ કોર્ટમાં હાજર છે જેને સ્થળ પરથી અટક કરેલ હતો તે જ છે. આ કામે આરોપીએ એટીએમમાં તોડફોડ કરેલી એન સ્થળ પરથી પકડાઈ ગયેલો તેથી પોલીસે આ કામે તેઓનુ સાહેદ તરીકે નિવેદન લીધેલ છે જે બરોબર અને ખરુ છે.

સદરહુ પોલીસ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓને બનાવ સમયે જીઆરડી ગાર્ડનો ફોન આવેલો નહી, આરોપી કૃપેશ જે તે સમયે જીઆરડી સભ્ય હતો, આ ગુનાની ફરીયાદ હિતેષભાઈએ આપેલ નથી, આરોપી પાસેથી કોઈ રકમ કબજે કરવામા આવેલ નથી. સદરહુ પોલીસ સાહેદે પણ તેઓને જીઆરડી ગાર્ડનો કોઈ ફોન આવેલ નહી તેમ જણાવે છે તેમજ આરોપી અગાઉ જીઆરડીમા હોવાનો પણ સ્વિકાર કરેલ છે. વધુમા આ કામે આરોપી પાસેથી કોઈ રકમ કબજે કરેલ હોય તેવી હકીકતનો પોલીસે સાહેદે સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

(૧૬) આ કામે આંક–૧૭ થી ફરીયાદી રાજેશભાઈ પાંચાભાઈ ખુંગલાને સોગંદ પર તપાસવામા આવેલ છે જેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ ના રોજ તેઓ એજીએસ ટેકનો.કુ.માં એકઝી.તરીકે કચ્છ જીલ્લામાં નોકરી કરતા હતા અને તેઓનું હેડકવાર્ટર ભુજ હતુ અને તેઓની ઓફીસ અમદાવાદ ખાતે આવેલ છે તેઓની અંડરમાં જુદી જુદી બેન્કોના આશરે ૫૦ જેટલા એટીએમ આવેલા હતા. તેઓની કંપનીના અલગ અલગ માણસો રૂપીયા એટીએમમાં મુકવા જાય અને તેમાં દેખરેખ તેઓને રાખવાની હતી. નવમા મહીનાની સાત તારીખે સને ૨૦૨૨ ના રોજ રાત્ર ે આઠ વાગ્યે તેઓના એટીએમ જે તેઓએ ભાડે આપેલુ તેના માલિક વિશનજીાભઈ મારાજનો ફોન આવેલો કે તમારા એટીએમમાં ચોરીનો પ્રયાસ થયેલ છે અને એક ભાઈ પકડાયેલ છે જેથી તમો તમારી રીતે કાર્યવાહી કરો તેવી તેઓને જાણ થયેલી તેથી પછી બીજા દિવસે તેઓને સામખીયારી પો.સ્ટે.થી ફોન આવેલો કે તમારા એટીએમમાં જેણે ચોરીનો પ્રયાસ કરેલ છે તેવી વ્યકિતને અમોએ પકડેલ છે અને તમે ફરીયાદ આપી દો પછી તેઓએ ફરીયાદ નોંધાવેલી અને તેઓ એટીએમમાં ચેક કરવા ગયેલા ત્યાં કેશ રાખવા આવતા હોય તે તથા એન્જી.ને બોલાવેલા અને તેઓએ ચેક કરેલુ કે કેશ ગયેલ નથીને ? તેઓએ તપાસ કરતા કેશ ગયેલી ન હતી પરંતુ એટીએમના કેશડોરને નુકશાન કરેલુ હતુ અને આગળનો કાચનો એટીએમ રુમનો ડોર તુટેલો હતો. પછી તેઓએ બનાવની ફરીયાદ આપેલી. જે અસલ ફરીયાદ તેઓને બતાવતા તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે જે ફરીયાદ આંક–૧૮ થી રજુ છે. તેઓએ જેણે ચોરીનો પ્રયાસ કરેલો તે ઈસમને પો.સ્ટે.માં જોયેલો જે આજરોજ કોર્ટમાં હાજર છે.

સદરહુ ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવના દિવસે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા, બનાવના દિવસે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર હોય અને બનાવની કોઈ જાતમાહિતી નથી, આ બનાવમાં કોઈ રોકડ રકમની ચોરી થયેલ હોય તેવું બનેલ નથી,

બનાવ બાબતની માહિતી તેઓએ પોલીસને આપેલી. તે સિવાય અન્ય હકીકતોને સમર્થન આપેલ નથી. આમ સદરહુ ફરીયાદી આરોપી વિરુધ્ધ કોઈ પ્રત્યક્ષ પુરાવો રજુ કરતા નથી. આ કામના ફરીયાદીએ બનાવમાં કોઈ રકમની ચોરી થયેલ હોય તેવી હકીકતને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદીની જુબાનીથી આરોપી વિરુધ્ધની હકીકત રેકર્ડ પર પુરવાર થતી નથી.

(૧૭) આ કામે આંક–૧૯ થી પોલીસ સાહેદ ભવાનભાઈ મેમાભાઈ ચૌધરીને સોગંદ પર તપાસવામા આવેલ છે જેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૬/૯/૨૨ ના રોજ તેઓ સામખીયારી પો.સ્ટે.માં પો.હે.કોન્સ તરીકે ફરજ બજાવતા હતા અને સામખીયારી પો.સ્ટે. વિસ્તારમાં તેઓ નાઈટ રાઉન્ડમાં હતા ત્યારે તા.૭/૯/૨ ના ક.૨.૫૫ વાગ્યે પી.એસ.ઓ.સામખીયારીનો તેઓ ઉપર ફોન આવેલ કે સામખીયારી રેલ્વે સ્ટે. પાસે આઈસીઆઈસીઆઈ બેંકનુ એટીએમ છે તેમાં એક વ્યકિત અંદર ઘુંસી તોડફોડ કરે છે જેથી તમો ત્યાં આવી જાવ જેથી તેઓ તથા તેઓના સાથેના પો.કો.નરેશભાઈ હતા તેઓ તેમના સરકારી વાહનમાં હકીકતવાળા સ્થળે પહોંચેલા અને ત્યાં જીઆરડી જવાન હીતેશભાઈ સાથે આરોપી હાજર હતો અને આરોપીના હાથમાં તોડવાના સાધનો હથોડી વિ.હતા પછી તેઓ સદર ઈસમને સામખીયારી પો.સ્ટે. લઈ આવેલા અને પછી આઈસીઆઈસીઆઈ બેંકના સાહેબને જાણ કરેલી અને તેઓએ બીજા દિવસે આવીને બનાવની ફરીયાદ કરેલી હતી. આ ઈસમે એટીએમ તોડવાનો પ્રયત્ન કરેલો જે એટીએમ તુટેલુ નહી તેઓને જાણ થતા તેઓ ત્યાં આવી ગયેલા. આરોપી આજરોજ કોર્ટમા હાજર છે. મુદ્દામાલ જે છે તે જ છે.

સદરહુ પોલીસ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓને જીઆરડીવાળાનો ફોન આવેલો નહી, આરોપી અગાઉ જીઆરડીમા હતો, આ ગુનાની ફરીયાદ હિતેષભાઈએ આપેલ નથી, આરોપી પાસેથી કોઈ રોકડ રકમ કબજે કરવામા આવેલ નથી. સદરહુ પોલીસ સાહેદે પણ તેઓને

જીઆરડીવાળાનો કોઈ ફોન આવેલ નહી તેમ જણાવે છે તેમજ આરોપી અગાઉ જીઆરડીમા હોવાનો પણ સ્વિકાર કરેલ છે. વધુમા આ કામે આરોપી પાસેથી કોઈ રકમ કબજે કરેલ હોય તેવી હકીકતનો પોલીસે સાહેદે સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

(૧૮) આ કામે આંક–૨૦થી પોલીસ સાહેદ નરેન્દ્રકુમાર કેશરભાઈ ચૌધરીને સોગંદ પર તપાસવામા આવેલ છે જેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ આ કામે આરોપીના રીમાન્ડ અંગેની કામગીરી કરેલી. આરોપીની રીમાન્ડ અરજી નામંજુર થતા વધુ તપાસ એ.એસ.આઈ. લક્ષ્મણ સિંહ બી.જાડેજાઓને સોપેલી. રીમાન્ડ અરજીની કામગીરી સિવાય તેઓએ આ કામે અન્ય કોઈ કામગીરી કરેલ નથી. તેઓ આરોપીને ઓળખે છે જે આજરોજ કોર્ટમા હાજર છે. આ કામેની સમગ્ર તપાસ તથા ચાર્જશીટ એ.એસ.આઈ. લક્ષ્મણ સિંહ બી.જાડેજાનાઓએ કરેલ છે જેથી આ કામેના મુખ્ય ત.ક.અ.શ્રી એ.એસ.આઈ. લક્ષ્મણ સિંહ બી. જાડેજાનાઓ છે.

સદરહુ પોલીસ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓએ હાલના કામે રીમાન્ડની કાર્યવાહી સિવાય અન્ય બીજી કોઈ કામગીરી કરેલી નથી. આમ, સદરહુ સાહેદે ફરજની રૂએ કરેલ કામગીરી મુજબનો પુરાવો રજુ કરેલ છે.

(૧૯) આ કામે આંક–૨૨થી તપાસ કરનાર અમલદાર એવા પોલીસ સાહેદ લક્ષ્મણ સિંહ બનેસિંહ જાડેજાને સોગંદ પર તપાસવામા આવેલ છે જેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૭/૯/૨૨ ના રોજ તેઓ સામખીયારી પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ કામના ફરીયાદી રાજેશ પાંચાભાઈ આહીર,રહે.જુનાવાસ, માધાપર,તા.ભુજનાઓએ તેઓની સમક્ષ તેમની ફરીયાદ લખાવેલી જે સામખીયારી પો.સ્ટે.ના પી.એસ.ઓ. જયવીરસિંહ વાઘેલાએ આ બાબતે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને સોપતા સંભાળેલ. તેઓને

સી.આર.પી.સી.ક.૧૫૪ મુજબનું ખરીનકલ વાળુ ફોર્મ બતાવતા તેમાં ૧૩ નંબરની રો માં પી.એસ.ઓ.શ્રીએ ત.ક.અ.શ્રી તરીકે તેઓનુ નામ દર્શાવેલ છે જે ફોર્મ–૧૫૪ વાળુ આ કામે આંક–૨૩ થી રજુ છે. તેઓએ આ કામે તપાસ સંભાળી લઈ બનાવની સ્થાનિક જગ્યાનું પંચનામું બે પંચો રુબરુ કરેલુ તથા આ કામના સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીની અટક કરેલ. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા આધારે નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલું. આ કામેનું ચાર્જશીટ તેઓએ જ કરેલ છે,પરંતુ ચાર્જશીટમા મારફતે થાણા અધિ.શ્રી તરીકે એન.કે.ચૌધરી પી.એસ.આઈ.શ્રીનાઓએ સહી કરેલી છે. તેઓ આરોપીને ઓળખે છે જે આજરોજ કોર્ટમા હાજર નથી.

સદરહુ પોલીસ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓને મળેલ તપાસની યાદી આ કામે ચાર્જશીટ સાથે રજુ નથી, મહમદ હનીફ કે જેઓ મેનેજર હોવાથી તેઓ કે તેઓના કોઈ અધિકારીએ તેનું નિવેદન લીધેલ નથી,તેઓએ આ કામે એટીએમના કે આજુબાજુની બેંકોના કોઈ સી.સી.ટી.વી.ફુટેજ મેળવેલા નથી, તેઓએ આરોપીની કોઈ જગ્યાએ મામલતદાર સમક્ષ કોઈ ઓળખપરેડ કરાવેલ નથી. સાહેદ જણાવે છે કે, આરોપીને સાહેદો ઓળખતા હોય અને આરોપીને પકડી પાડેલ હોય આરોપીની ઓળખપરેડ કરાવેલ નથી, આ કામના આરોપી જીઆરડી સભ્ય છે કે કેમ તે તેઓની જાણ મુજબ હાલ સભ્ય નથી, તેઓએ સ્થાનિક જગ્યાનો આલેખપત્ર કે નકશો બનાવીને કોર્ટમાં રજુ કરેલ નથી. તે સિવાય અન્ય હકીકતોને સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદ એ તપાસ કરનાર અમલદાર એવા પોલીસ સાહેદ છે જેઓએ ફરજની રૂએ કરેલ તપાસની કામગીરીને અનુરૂપ પુરાવો આપેલ છે.

(૨૦) આમ, ઉપરોકત હકીકતે આરોપી ઉપર સદરહું આક્ષેપીત કલમો લગતનો ગુન્હો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ કરવામા આવેલ રેકર્ડ પરનો મૌખિક તેમજ

દસ્તાવેજી પુરાવાઓ જોવામા આવે તો આ કામે આંક–૬ અને આંક–૧૦ થી તપાસેલા પંચ કાળુસિંહ ભવાનીસિંહ રાજપુત અને હસમુખભાઈ પ્રવિણભાઈ ઠક્કરના પુરાવાનું મુલ્યાંકન કરતા સદરહુ પંચોએ બનાવવાળી જગ્યાએ જઈ પંચનામું લખાવેલ હોય અને પોલીસે તે પંચોના લખાવ્યા મુજબ પંચનામુ લખેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી જે સંજોગોમાં પંચોના પુરાવાથી આંક–૭ વાળા સ્થાનિક જગ્યાના પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી તેવી જ રીતે આ કામે આંક–૮ અને આંક–૯(એ)થી તપાસેલા પંચ ભરતભાઈ ખોડાભાઈ કોલી અને ઓમપ્રકાશ બંસીલાલ વૈષ્ણવના પુરાવાનું મુલ્યાંકન કરતા સદરહુ પંચોએ પંચનામું લખાવેલ હોય અને પોલીસે તે પંચોના લખાવ્યા મુજબ પંચનામુ લખેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી જે સંજોગોમાં પંચોના પુરાવાથી આંક–૯ વાળા રીકવરી પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી. આ કામે આંક–૧૩ થી તપાસેલા સાહેદ વીશનજી ગંગારામભાઈ મઢવીએ બનાવ સંબંધેની જાણ થતા તેઓએ એટીએમ મેનેજરને બનાવની જાણ કરેલી તેમ જણાવેલ છે,પરંતુ આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી. આ કામના સાહેદએ આરોપીને ચોરી કરતા જોયેલ હોય કે કોઈ નુકશાન કરતા જોયેલ હોય કે ચોરીનો મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરેલ હોય તેવી હકીકત જણાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ સાહેદના પુરાવાથી આરોપી વિરુધ્ધની હકીકત રેકર્ડ પર રજુ થતી નથી. આ કામે આંક–૧૪ થી સાહેદ હીતેષભાઈ કેશવલાલ કુંવારીયાને તપાસેલા છે જેઓએ જીઆરડીના સભ્ય તરીકે કામ કરતા હતા અને તેઓએ સદરહુ કામે બનાવ સ્થળે આરોપી હોવાની હકીકત જણાવેલ છે,પરંતુ આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવના દિવસે એટીએમનું શટર બંધ હતુ જે શટર તેઓએ ખોલીને જોયેલુ નહી, આરોપી પાસે કોઈ હથીયારો નીકળ્યા હોય તેવું તેઓએ જોયેલ નહી, તેઓને એ વાતની ખબર નથી કે એટીએમમાંથી કોઈ ચોરી કે લુંટ થયેલી કે કેમ ? આરોપીની તેઓની રુબરુ મામલતદારની સામે કોઈ ઓળખપરેડ કરાવેલ

નથી કે તેઓની રુબરુ કોઈ આરોપીની ઓળખનો કોઈ આધાર પોલીસે કબજે કરેલ નથી.આમ આ કામના સાહેદએ પણ આરોપીને ચોરી કરતા જોયેલ હોય કે કોઈ નુકશાન કરતા જોયેલ હોય કે ચોરીનો મુદ્દામાલ કે કોઈ હથીયાર આરોપી પાસેથી નીકળેલ હોય તે જોયેલ હોય કે આરોપી પાસેથી કબજે કરેલ હોય તેવી હકીકત જણાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે આંક-૧૬ થી પોલીસ સાહેદ નરેશભાઈ ગોવિંદભાઈ રાઠવાને સોગંદ પર તપાસવામા આવેલા છે જેઓએ બનાવ સ્થળે ગયેલ ત્યારે જીઆરડી હિતેશભાઈ આરોપી કૃપેશને લઈને ઉભા હતા તેમ જણાવે છે અને આરોપીના હાથમા કપડાની થેલી હતી અને તે થેલીમા એક પકડ,એક ડીસમીસ, એક હથોડી અને એક ટામી હતી તેમ જણાવે છે,પરંતુ આ કામના સાહેદ હિતેશભાઈ તેઓની જુબાનીમાં બચાવપક્ષની ઉલટતપાસમાં આરોપી પાસે કોઈ હથીયારો નીકળ્યા હોય તેવું તેઓએ જોયેલ નહી તેમ જણાવે છે. આમ, સાહેદ હિતેષભાઈ કે તેઓએ બનાવ અંગે સૌપ્રથમ જાણ થયેલ છે તેઓની અને પોલીસ સાહેદની જુબાનીથી વિરોધાભાસ ઉભો થાય છે. આ કામે આંક-૧૭ થી ફરીયાદી રાજેશભાઈ પાંચાભાઈ ખુંગલાને સોગંદ પર તપાસવામા આવેલા છે જેઓએ બનાવ અંગેની ફરીયાદ આપેલ છે અને આંક-૧૮ થી ફરીયાદ રજુ રાખેલ છે,પરંતુ આ ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવના દિવસે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા, બનાવના દિવસે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર હોય અને બનાવની કોઈ જાતમાહિતી નથી, આ બનાવમાં કોઈ રોકડ રકમની ચોરી થયેલ હોય તેવું બનેલ નથી, બનાવ બાબતની માહિતી તેઓએ પોલીસને આપેલી. આમ સદરહુ ફરીયાદી આરોપી વિરુધ્ધ કોઈ પ્રત્યક્ષ પુરાવો રજુ કરતા નથી. આ કામના ફરીયાદીએ બનાવમાં કોઈ રકમની ચોરી થયેલ હોય તેવી હકીકતને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદીના પુરાવાથી આરોપી વિરુધ્ધની હકીકત રેકર્ડ પર પુરવાર થતી નથી. આ કામે આંક-૧૮ થી પોલીસ સાહેદ ભવાનભાઈ મેમાભાઈ ચૌધરીને તપાસેલા છે જેઓએ બનાવ સ્થળે ગયેલ ત્યારે જીઆરડી

હિતેશભાઈ આરોપી કૃપેશને લઈને ઉભા હતા તેમ જણાવે છે અને આરોપીના હાથમા તોડવાના સાધનો હથોડી વિ. હતા તેમ જણાવે છે,પરંતુ આ કામના સાહેદ હિતેશભાઈ તેઓની જુબાનીમાં બચાવપક્ષની ઉલટતપાસમાં આરોપી પાસે કોઈ હથીયારો નીકળ્યા હોય તેવું તેઓએ જોયેલ નહી તેમ જણાવે છે. આમ, સાહેદ હિતેષભાઈ કે તેઓએ બનાવ અંગે સૌપ્રથમ જાણ થયેલ છે તેઓની અને પોલીસ સાહેદની જુબાનીથી વિરોધાભાસ ઉભો થાય છે.આ કામે આંક–૨૦ થી પો.સાહેદ નરેન્દ્રકુમાર કેશરભાઈ ચૌધરીને તપાસેલા છે જેઓએ રીમાન્ડ સંબંધેની કાર્યવાહી સિવાય બીજી કોઈ કામગીરી કરેલ હોય તેવું જણાઈ આવતુ નથી. આ કામે આંક–૨૨ થી ત.ક.અમલદાર એવા પોલીસ સાહેદ લક્ષ્મણસિંહ બનેસિંહ જાડેજાને સોગંદ પર તપાસવામા આવેલા છે જેઓએ ફરજની રૂએ કરેલ તપાસની કામગીરી મુજબનો પુરાવો રજુ કરેલ છે તેમજ આ ત.ક.અમલદારે બચાવપક્ષની ઉલટતપાસમા એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને મળેલ તપાસની યાદી આ કામે ચાર્જશીટ સાથે રજુ નથી, મહમદ હનીફ કે જેઓ મેનેજર હોવાથી તેઓ કે તેઓના કોઈ અધિકારીએ તેનું નિવેદન લીધેલ નથી,તેઓએ આ કામે એટીએમના કે આજુબાજુની બેંકોના કોઈ સી.સી.ટી.વી.ફુટેજ મેળવેલા નથી, તેઓએ આરોપીની કોઈ જગ્યાએ મામલતદાર સમક્ષ કોઈ ઓળખપરેડ કરાવેલ નથી. સાહેદ જણાવે છે કે, આરોપીને સાહેદો ઓળખતા હોય અને આરોપીને પકડી પાડેલ હોય આરોપીની ઓળખપરેડ કરાવેલ નથી, આ કામના આરોપી જીઆરડી સભ્ય છે કે કેમ તે તેઓની જાણ મુજબ હાલ સભ્ય નથી, તેઓએ સ્થાનિક જગ્યાનો આલેખપત્ર કે નકશો બનાવીને કોર્ટમાં રજુ કરેલ નથી. આ કામે રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો આ કામે મહત્વની હકીકતોએ જોવામા આવે તો આ કામે આક્ષેપીત કલમ મુજબ આ કામના આરોપીએ કોઈ ચોરી કરેલ હોય કે ચોરીનો મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. તે સિવાય આ કામે આરોપીએ એટીએમમા તોડફોડ કરેલાનો જે આક્ષેપ કરેલ છે તે સંબંધે એટીએમના કોઈ સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર

નથી તેમજ બનાવ સ્થળની આજુબાજુના કોઈ સ્થળના કોઈ સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર નથી કે આરોપીને તોડફોડ કરતા કોઈએ નજરે જોયેલ હોય તેવી કોઈ હકીકત નથી. વધુમા આ કામે તોડફોડ સંબંધેના કોઈ ફોટોગ્રાફસ કે બનાવ સ્થળે તોડફોડ થયેલ તેના કોઈ અવશેષને પુરાવા તરીકે કબજે કરેલ હોય તેવી હકીકત પણ રેકર્ડ પર નથી. આમ, રજુ પુરાવાથી આરોપીની બનાવ સ્થળે હાજરી જણાઈ આવે છે,પરંતુ આરોપીએ આક્ષેપીત ગુનાઓ કરેલ હોય તેવી હકીકત પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. હાલના કેસમાં આરોપીને ગુનેગાર ઠરાવવા માટે પુરાવાની જે કક્ષાની ગુણવત્તા રેકર્ડ પર સાબીત થવી જોઈએ તેનો અભાવ વર્તાય છે.આરોપીને દોષીત માનવા માટે સાંયોગીક કે પ્રત્યક્ષ પુરાવાની જે સાંકળ સંપૂર્ણ બનવી જોઈએ તે બનતી હોવાનું જણાઈ આવતું નથી. આમ,ફરીયાદપક્ષ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાઓ પોતાના પુરાવાથી જ પુરવાર કરી શકેલ નથી.

**(૨૧)** આમ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવામાં આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો કડીબધ્ધ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી ફરીયાદપક્ષ હાલના આરોપી વીરુધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનુ ઠરાવીને ઉપરોકત ચર્ચાને અંતે મુદ્દા નં–૧ નો જવાબ તે રીતે 'નકાર' માં ઠરાવીને મુદ્દા નં–૨ સંદર્ભે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **–:: આખરી હુકમ ::–**

**(૧)** આ કામના આરોપી **કૃપેશભાઈ ચંદ્રકાંત સાધુ**ઉ.વ.૨૧,વ્યવસાય–વેપાર,રહે.મુળ ગામ–લુણવા તા.પાલનપુર,જી.બનાસકાંઠા,હાલે રહે.જંગી રોડ, સામખીયારી,તા.ભચાઉ–કચ્છવાળાને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી.ની કલમ–૩૮૦,૪૨૭,૫૧૧ મુજબના શીક્ષાને પાત્ર ગુના કામેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીએ ટ્રાયલ સમયે આપેલ જામીન ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૭/એ ની જોગવાઈ મુજબ આ હુકમ સામે અપીલ થવાના સંજોગોમા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારુ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ વાહન અંગે અગાઉ જો કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ રાખવામા આવે છે અન્યથા મુદ્દામાલ વાહનના મુળમાલિકની ખરાઈ કરી ત.ક.અમલદારે પરત સોપવુ જયારે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ અન્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ–૦૬ઠ્ઠી, માહે–ફેબ્રુઆરી,સને ૨૦૨૪ ના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–

તારીખ :–૦૬/૦૨/૨૦૨૪

ભચાઉ–કચ્છ.

**(યોગિતા એચ. શર્મા)**

**GJ-01529**

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

ભચાઉ–કચ્છ.